સલામી સવારની..

મત માટે ગાડરિયા પ્રવાહને પંપાળે છે,
યાદ કરી કરી ઘેટાં-બકરાંને સંભાળે છે
સચવાતા નથી સિંહો, કે જે છે ગુજ્જુ ગૌરવ -
વટાવવા સ્વાતંત્ર્ય વીરોને ઉંચે ઉભાડે છે.

હાઈકુ

થયા નિંભર,
સુપ્રીમ ના ઠપકા -
ખાઈ ખાઈને...

ગોઠવણથી
સ્વચ્છ પર્યાવરણે
થાય સન્માન !

ચિંતન

મા પિયેહિ સમાગચ્છિ અપ્પિયેહિ કુજાયનં ।
પિયાનં અદસ્સનં દુકખં અપ્પિયાનં ચ દસ્સનં ॥

ઉપરોક્ત શ્લોક ધમ્મપદમાંથી લેવામાં આવેલ છે.

જે પ્રિય છે અને જે અપ્રિય છે એ બંનેનો ક્યારેય સાથ કરવો નહિ. કેમ કે પ્રિયના વિયોગથી અને અપ્રિયની પ્રાપ્તિથી માત્ર દુઃખ જ થાય છે.

પ્રિયજનનો સહવાસ સૌને ગમે છે. અને આપણાથી વિરુદ્ધ પ્રકૃતિના માણસો આપણને અણગમતા થઈ જાય છે. આવા અણગમતા માણસનો આપણને અપ્રિય થઈ જાય છે. એમના સહવાસથી આપણે દૂર રહેવાનો પ્રયત્ન કરીએ છીએ. પણ હંમેશા પ્રિયનો સાથ અને અપ્રિયથી દૂર રહેવું બનતું નથી.

ઘણીવાર પ્રિયથી દૂર રહેવું પડે છે અને અપ્રિય સાથે હસતા મોઢે રહેવું પડે છે.

યોગ અને વિયોગ આપણી ધારણા પ્રમાણે થતાં નથી.

ભગવાન બુદ્ધે પ્રેમને દુઃખનું કારણ કહ્યો છે. વિયોગ તમને દુઃખી કરશે. પ્રેમની વિચિત્રતા એ છે કે એ શાશ્વત નથી. તેની માત્રામાં વધઘટ થયા જ કરે છે. આ વધઘટનું કારણ તમારી પોતાની લાગણીઓ છે. જે માણસ પ્રેમ અને અપ્રેમથી દૂર રહી શકે છે એ સુખ અને દુઃખથી પણ પર થઈ જાય છે.

સુવિચાર

- કર્મનો કર્તા મટી ગયો, ત્યારથી નિર્વિકલ્પ દશા શરૂ થાય - **અમૃતબિંદુ**
- દેહમાં, મનમાં, વાણીમાં, 'હું પણું' રાખે છે, તેનાથી ભગવાન છેટા રહે છે - **દાદા ભગવાન**
- લોકપ્રિયતાની ઈચ્છા કરવી એ પાપ છે,
  વગર ઈચ્છાએ જ્યારે એ મળે છે ત્યારે એ સદ્‌ગુણ છે - **જ્યોર્જ સેવાઈલ**
- વિવેક એટલે શું મેળવવા જેવું છે અને શેનાથી છેટા રહેવા જેવું છે તેનું જ્ઞાન - **સિસેરો**
- પૈસાદાર મા-બાપ પોતાના સંતાનો પાસેથી સંઘર્ષ નામની યુનિવર્સિટી છીનવી લે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સર્વ ધર્મ સમ, સર્વ ધર્મ મમ - **ઉમાશંકર જોષી**
- આજનું ઔષધ : અગર કોઈને લગવાનો એટેક આવે તો તરત ૫૦ ગ્રામ તલનું તેલ નવશેકું ગરમ કરીને પીવડાવી દેવું અને શક્ય હોય તો કાચા લસણની કળી ચાવવા આપવી.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

આળસ મૃત્યુનું દ્વાર છે.

એક જંગલમાં કોયલ રહેતી હતી. ત્યાં રોજ એક ખેડૂત એક બોસ્કમાં કંઈક ભરીને જતો હતો. કોયલે ખેડૂતને પૂછ્યું. 'રોજ આ ખોખામાં લઈને તમે કયાં જાવ છો ?'

ખેડૂતે કહ્યું, 'આ ખોખામાં કીડો છે જેને વેચવામાં મને પીંછા મળે છે. એ પીંછામાંથી મારો બાળક ટોપી બનાવે છે. ખેડૂતની વાત સાંભળી કોયલે કહ્યું, 'મારી પાસે ઘણા બધા પીંછા છે. જેમાંથી પાંચ તમને આપું તો મારે ખોરાક શોધવાનો સમય બચી જશે. જેના બદલામાં થોડા કીડા આપ મને આપજો.''

ખેડૂતે ખોખામાંથી થોડા કીડા કોયલને આપ્યા. અને તેના બદલામાં કોયલે તેના પાંચ પીછા ખેડૂતને આપ્યા. પછી તો રોજ રોજ આવું બનવા લાગ્યું. એમ કરતાં એક દિવસ એવો આવ્યો કે કોયલના એકેય પીછા ન રહ્યા.

બધા પીંછા નીકળી જવાથી કોયલ ઉડવા માટે અસમર્થ બની અને કીડા પકડીને ખાવા માટે પણ લાયક ન રહી. તેણે ગાવાનું બંધ કરી દીધું અને એમ કરતાં તે ભૂખથી મૃત્યુ પામી.

ભોજન મેળવવાનો સરળ માર્ગ કોયલે શોધ્યો જેનું માઠું પરિણામ તેને ભોગવવું પડ્યું.

ચૂંટણીલક્ષી પગલાંનો પ્રારંભ ભાવઘટાડાથી

તંત્રીસ્થાનેથી...

પેટ્રોલ-ડીઝલ ઉપરથી એકસાઈઝ ડ્યૂટીમાં ઘટાડો કરવાની કેન્દ્ર સરકારને ફરજ પડી છે. ત્રણ રાજયોમાં આવી રહેલ વિધાનસભાની ચૂંટણી આ મુદ્દા પર જ હારી જવાશે એવી પાકી દહેઓશતના પગલે નાણામંત્રી અરુણ જેટલીએ આ ઘટાડો જાહેર કર્યો અને એટલો જ ઘટાડો રાજયોએ પોતાના વેટ વેગેરે કરભારણમાં કરી પ્રજાને રાહત આપે એવી અપીલ કરી છે. મૂળે તો આ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આદેશ છે. એમનો ખબર છે કે પોતાના પ્રિય ઉદ્યોગપતિઓને અત્યાર લગી પ્રજા પાસેથી ઉઘાડી લૂંટ કરવાની છૂટ આપી હતી એની ખૂબ જ વિપરીત અસરો સરજાવા પામી છે. ભૂતકાળમાં કયારેય નહોતા એટલા ઊંચા પેટ્રોલ - ડીઝલના ભાવ મોદી રાજે દેખાડી દીધા એની પાછળ એમનો પેટ્રોલિયમ કંપનીઓ તરફનો અતિશય પ્રેમભાવ જ જવાબદાર છે. એવો વિપક્ષી પ્રચાર સ્વાભાવિક રીતે જ પ્રજાના ગળે ઊતર્યો છે. હવે તો ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પણ હાથવેંતમા છે. અને એની પૂર્વભૂમિકા સમી હિંદી બેલ્ટનાં ત્રણ રાજયોની વિધાનસભાની ચૂંટણીઓમાં જો ડોગલાં ડાઉન થઈ ગયાં તો બિસ્તરાં પોટલાં તૈયાર જ રાખવાં પડે એવી હાલત છે. આથી મોડે મોડે જેટલીને સમજાવી પટાવી એકસાઈઝ ડ્યૂટીમાં ઘટાડાની વિપક્ષની ઘણા વખત પહેલાંની માગણી માન્ય રખાઈ છે. રાજયોએ પણ એનો સાનુકૂળ પ્રતિસાદ પાઠવવામાં વિલંબ નથી કર્યો. નહીંતર ગુજરાતના નાયબ મુખ્યમંત્રીએ તો શરમ છોડીને કહી દીધું હતું કે ગુજરાત સરકાર વેટમાં ઘટાડો નહીં કરે. એમને કેન્દ્રના આદેશ પછી તાબડતોબ ૨.૫ રૂપિયા ઘટાડી દેવા પડ્યા છે. કેન્દ્ર અને રાજય - બેઉને આથી કરોડો રૂપિયાની 'ખોટ' ખમવા વારો આવ્યો છે. પણ તે પગલું એમણે ચૂંટણીને લક્ષમાં રાખીને ભર્યું છે, એ ધાવણું બાળક પણ સમજી શકે એમ છે. આખરે તો કલ્યાણ રાજની કલ્પનામાં કરભારણ કેવું હોવું જોઈએ તે આપણા ચાણકયનીતિના તજજ્ઞ નેતાઓથી અજાણ્યું નથી. મધમાખી ફૂલનો પરાગરસ ચૂસે છતાં ફૂલને નુકશાન ન થાય, એ રીતે રાજાએ પ્રજા પાસેઓથી કર વસૂલવો જોઈએ. પેટ્રોલ-ડીઝલ જેવી રોજીંદી જરૂરિયાતની કોમોડીટી પર બેફામ કરભારણથી મોંઘવારી પણ બેકાબૂ બની જ જાય તે સ્વાભાવિક છે. જે મુદ્દાઓ પર નરેન્દ્ર મોદી ઊછળી ઊછળીને મનમોહન સરકાર વિરુદ્ધ ભાષણો ઝીંકતા હતા તે તમામ વધુ વિકરાળ સ્વરુપ ધારણ કરી એમની સામે આવી ગયા છે. ડૉલર વધુ ને વધુ મજબૂત થતો જાયછે તે અમેરિકાની સફળતા છે. રૂપિયો રોજેરોજ ગગડતો જાય છે તે ભારત સરકારની નિષ્ફળતા છે. અમેરિકાએ જે નવી નાણાનીતિ અને વિદેશનીતિ અપનાવી છે એની અસર આખી દુનિયા પર થવી જોઈતી હતી, પરંતુ ભારત એની ઝીંક ઝીલી ન શકે એ હદે એની અસર તળે આવી ચૂક્યું છે તે ન ભૂલવું જોઈએ. આ બધી બાબતો મોદી સરકાર માટે નકારાત્મક સંકેતો સમાન છે.

જબ યે હાથ કીસી પે પડતા હૈ ના... તો

જબ યે હાથ કીસી પે પડતા હૈ ના... તો આદમી ઉઠતા નહીં, ઉઠ જાતા હૈ

- દામિની

ઈ.સ. ૧૯૯૩માં આવેલા રાજકુમાર સંતોષી દિગ્દર્શિત 'દામિની' ફિલ્મ સુપરહીટ રહી હતી, તેમાં સુતનુ ગુપ્તા અને દિલીપ શુક્લાના હાથે લખાયેલા સંવાદો સની દેઓલ બોલે છે, ત્યારે દર્શકો તાળીઓથી વધાવી લેતા હતા; બેસ્ટ સપોર્ટિંગ એકટરનો ફિલ્મફેર એવોર્ડ પણ સની દેઓલને આ માટે મળ્યો હતો.

અમરીશ પુરી જયારે ગોવિંદ (સની દેઓલ)ના ઘરે તેને દામિની (મિનાક્ષી શૈક્ષાદ્રી)ના કેસમાંથી હટી જવા માટે ધમકી આપવા જાય છે, ત્યારે સની દેઓલ અને અમરીશ પુરી જેવા ધુરંધર કલાકારો વચ્ચે સંવાદોની જે ધાણીફૂટ રમઝટ બોલે છે, તે સમયે આ સંવાદ સની દેઓલ બોલે છે. અમરીશ પુરીના ભાડૂતી ગુંડા જયારે રિવોલ્વર દેખાડે છે, ત્યારે સની દેઓલ કહે છે કે, મારા હાથોમાં જ એવી તાકાત છે કે, એક જ હાથ સામી વ્યક્તિના ભાગે આવે તો તેનું રામશરણ થઈ જાય.

યોગાનુયોગ આવો જ એક સંવાદ ભાસ વિરચિત 'પંચરાત્રમ્' નાટકમાં ભીમસેનના મુખે બોલાય છે.

ધનુઃ તુ દુર્બલૈઃ એવ ગુહ્યતે ।
મમ તુ ભુજૌ એવ પ્રહરણમ્ ।

- ધનુષ્ય તો દુર્બળો જ રાખે છે, મારા તો હાથ જ હથિયાર છે.

મહાભારતના કથાનક પર આધારિત આ નાટકની રચના સમય વિશે ખૂબ મતમતાંતર છે, પરંતુ શ્રી સુકથંકર, વિન્ટરનિત્ઝ વગેરે વિદ્વાનોના મત પ્રમાણે તેમનો સમય ૭મી થી ૧૧મી શતાબ્દી વચ્ચેનો માની શકાય.

૧૩માં વર્ષના અજ્ઞાતવાસ દરમિયાન પાંડવોને વિરાટ નગરમાંથી પકડી પાડવા માટે હસ્તિનાપુરનું સૈન્ય વિરાટ રાજયની ગાયોનું અપહરણ કરી જાય છે, અને બૃહન્નલા (અર્જુન)ની મદદથી વિરાટનું સૈન્ય જીતી જાય છે, વલ્લભ (ભીમ) પાયદળના સૈનિકરૂપે અભિમન્યુને બંદી બનાવીને વિરાટ રાજા સામે હાજર કરે છે. નાટકકારે ખૂબ સરસ દશ્ય ખડુ કર્યું છે, કે ભીમ, અર્જુન, યુધિષ્ઠિરને તો ખબર છે કે આ અભિમન્યુ અર્જુનનો પુત્ર છે, પરંતુ અભિમન્યુ તેમને ઓળખતો નથી... અને ગુસ્સાથી કહે છે કે આ (ભીમે) નિઃશસ્ત્ર પાયદળ બનીને મને પકડી લીધો, અને તેના જવાબમાં ભીમસેન જવાબ આપે છે કે, ધનુષ્ય તો દુર્બળોનું હથિયાર કહેવાય... મારા તો હાથ જ હથિયાર છે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

મનના જમણવારમાં મિસ્કીનની ગઝલયાત્રા

વૃત્તસંચય

વિચારમંચ પરિવાર, ગાંધીનગર અને ગુજરાત સંગીત નાટક અકાદમી દ્વારા તા. ૭મી ઓકટોબર, ૨૦૧૮ને રવિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે, સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ ઓડિટોરિયમ, સેકટર-૧૭ચ-૫, ગાંધીનગર ખાતે, 'મનના જમણવાર' કાર્યક્રમ અંતર્ગત - પગલું એકમાં 'મિસ્કીનની ગઝલયાત્રા' વિષયે કાર્યક્રમ યોજાનાર છે, આ કાર્યક્રમમાં રાજેશ વ્યાસ સ્વયં તેમની ગઝલયાત્રા પ્રસ્તુત કરશે અને ત્યારબાદ 'મિસ્કીન' ૩૦ મિનિટ માટે સુજ્ઞ શ્રોતાઓના પ્રશ્નોના ઉત્તર આપશે. આ કાર્યક્રમમાં પધારવા અને ગઝલની મજા માણવા, સંયોજક મનોજ શુક્લ અને સહસંયોજક પુલક ત્રિવેદી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. સંલગ્ન જંબુસર કૉલેજમાં એમ.એ., સેમેસ્ટર-૪માં અભ્યાસ કરતા અને એ કૉલેજના અધ્યાપક મયંક શાહના સુપુત્રી કુ. જાનકી શાહ ઉર્ફે 'ડૉલ્ફિન' લિખિત પ્રથમ હાસ્ય પુસ્તક 'હેલો ! હાસ્ય બોલું છું. કે જે અકાદમી દ્વારા નવોદિત સર્જક સહાય અંતર્ગત થયેલ છે, તેનું વિમોચન ડૉ. વિજય શાસ્ત્રી (સુરત) અને ડૉ. કિશોર વ્યાસના વરદ હસ્તે થયું હતું.

- muljibhaidadhi@gmail.com

મહાત્મા ગાંધી જીવન કવન પ્રશ્ન શ્રૃંખલા-૨

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ - સાર્ધ શતાબ્દીની દેશભરમાં ઉજવણી શરૂ થઈ છે. ગાંધીજીના જીવન કવનને જાણકારી મળી રહે તે આશયથી 'ગાંધીનગર સમાચારે' શરૂ કરી છે, જે મુખ્યત્વે ગતાંકે ૩૦ સવાલો આ કૉલમમાં રજૂ કર્યા હતા. આ અંકમાં વધુ ૩૦ સવાલો રજૂ કરાયા છે. પ્રશ્ન શ્રૃંખલાનો આ બીજો ભાગ હોઈ પ્રશ્ન નંબર એ મુજબ અપાયા છે. આ સાથે પ્રશ્ન શ્રૃંખલા-૧ના ઉત્તરો પણ આ સાથે સામેલ છે.

૩૧ ગાંધી ફિલ્મમાં ગાંધીનું પાત્ર ભજવનાર મૂળ ભારતીય અભિનેતા...
(અ) બેન કિંગ્સ્લે (બ) પીટર બેનર્જી (ડ) કબીર બેદી (ક) શ્યામ બેનેગલ

૩૨ ગાંધીજીએ લખેલું ભગવદ્ ગીતા પરનું ટૂંકું ભાષ્ય -
(અ) યોગસૂત્ર (બ) અનાસક્તિ યોગ (ડ) ગીતાજ્ઞાન (ક) જ્ઞાનમીમાંસા

૩૩ બ્રિટીશ સન્નારીની લાગણીના કારણે હિંદ સ્વરાજની બીજી આવૃત્તિમાંથી કયો શબ્દ ગાંધીએ રદ કર્યો હતો.
(અ) વાંઝણી (બ) વશ્યા (ડ) હલકટ (ક) ત્રણેય સાચા વિકલ્પ

૩૪ 'હિંદ સ્વરાજ' ગાંધીજીએ કયા બેસીને લખ્યું છે ?
(અ) સ્ટીમરમાં (બ) ટ્રેનમાં (ડ) કોર્ટમાં (ક) વિમાનમાં

૩૫ ગાંધીના સાથી દિનબંધુ એન્ડ્રુઝનું સાચું નામ -
(અ) લિટયે (બ) ચાર્લી (ડ) માર્ક (ક) કેલન

૩૬ દક્ષિણ આફ્રિકાના હિંદીઓનો ચિતાર રાજકોટમાં ગાંધીજીએ છાપ્યો એ કયા નામે પ્રસિદ્ધ થયો.
(અ) પીળા ચોપાનિયા (બ) લીલા ચોપાનિયા (ડ) લાલ ચોપાનિયા (ક) કાળા ચોપાનિયા

૩૭ દક્ષિણ આફ્રિકામાં ગોરાઓના ઝનૂની ટોળાથી કયા પોલીસ અધિકારીએ ગાંધીજીને બચાવ્યા હતા.
(અ) જનરલ સ્મટસ (બ) એલેઝાન્ડર (ડ) કેલનબેક (ક) જનરલ સ્મિથ

૩૮ ગાંધીજીએ નવજુવાનોને........ ની સાલમાં સ્વતંત્રતા ઘાયક નિશાળો ને કૉલેજો છોડવા નિમંત્રણ કર્યું
(અ) ૧૯૧૬ (બ) ૧૯૧૯ (ડ) ૧૯૨૦ (ક) ૧૯૩૦

૩૯ કયા યુદ્ધમાં ગાંધીજીએ સૈનિકોની સેવા સુશ્રૂષાનું કામ કર્યું હતું.
(અ) પ્લાસી યુદ્ધ (બ) પ્રથમ વિશ્વયુદ્ધ (ડ) બીજું વિશ્વયુદ્ધ (ક) બોઅર યુદ્ધ

૪૦ ૧૯૦૧માં કલકત્તા મહાસભામાં રસોડું એટલે તિજોરી, કયાંયેથી ઉઘાડું, ન જ હોવું જોઈએ' એવી નોંધ કઈ કયા પ્રાદેશિક પ્રતિનિધિઓને જોઈને ગાંધીજીએ કરી છે ?
(અ) બંગાળી રસોડું (બ) દ્રાવિડી રસોડું (ડ) મહારાષ્ટ્રીય રસોડું (ક) રાજવીઓનું રસોડું

૪૧ ગાંધીજી બેરા શબ્દની સમજ શું આપી છે ?
(અ) અંગસેવા કરનાર (બ) ખિજમતગાર (ડ) ઘરનોકર (ક) ત્રણેય સાચા વિકલ્પ

૪૨ ગાંધીજીએ ૧૯૪૨માં આરોગ્ય ઉપર લખેલું પુસ્તક કયું?
(અ) આરોગ્ય સંભાળ (બ) આરોગ્યની ચાવી (ડ) આરોગ્ય સુખ (ક) આરોગ્યની કુંચી

૪૩ ૧૯૦૪માં શરૂ થયેલા ઈન્ડિયનના તંત્રી કોમ હતા ?
(અ) મહાત્મા ગાંધી (બ) મદનજીતભાઈ (ડ) મણિલાલ ગાંધી (ક) મનસુખ નાજર

૪૪ રસ્કિનનું 'અનરુ ધિસ લાસ્ટ' ગાંધીજીએ કોણે આપ્યું ?
(અ) ડૉ. ગોડફે (બ) મિ. વેસ્ટ (ડ) મિ. પોલાક (ક) મિ. કેલનબેક

૪૫ દ. આફ્રિકામાં ગાંધીજીએ કયા બે આશ્રમ શરુ કર્યા હતા ?
(અ) ટોલ્સટોય ફાર્મ (બ) ફિનિક્સ આશ્રમ (ડ) બંને સાચા (ક) બંને ખોટા

૪૬ સ્ત્રીના અધિકારો સંદર્ભના એક પત્રમાં કયા મહિલા, 'બાપુ તમે જો કન્યા હોત તો તમારું લોહી ઉકળી જાત' એમ કહે છે ?
(અ) અનસૂયા (બ) સારાભાઈ (ડ) કાંતા - હરિવિલાસ (ક) કસ્તૂરબા

૪૭ લોકશાહી વિશેનાં ગાંધીજીએ આપેલો સાર ખાલી જગ્યા પૂરીને ભરો?
પ્રજા..... છે, રાજા........... છે, ... મીઠું થશે તો .... મીઠું જ પાકવાનું'
(અ) ફળ (બ) મૂળ (ડ) રાજા (ક) તંત્ર

૪૮ ગાંધી સાહિત્યના પ્રકાશનો માટે અમદાવાદ સ્થિત કઈ સંસ્થા ખૂબ જાણીતી છે?
(અ) જનકલ્યાણ (બ) નિરીક્ષક (ડ) નવજીવન (ક) નવયુગ

૪૯ .... લવાજમએ એક રાષ્ટ્રીય ધર્મઋણ છે - એવો ગાંધીજીનો મત હતો?
(અ) શિક્ષણ (બ) શ્રમ (ડ) સરકારી નોકરી (ક) ખાદી કાંતણ

૫૦ ગાંધીજીના કહ્યા મુજબ 'હિંદ સ્વરાજ' મૂરખ માણસની કૃતિ છે એવો અભિપ્રાય તેમના સ્વર્ગસ્થ વડીલ મિત્રનો હતો ? આ મિત્રનું નામ ?
(અ) લોકમાન્ય ટીળક (બ) ફિરોજશા મહેતા (ડ) સરદાર પટેલ (ક) ગોપાલકૃષ્ણ ગોખલે

૫૧ ગાંધીજીને નથી રહેવાયું ત્યારે જ છે........ છે?
(અ) લખ્યું (બ) બોલ્યા (ડ) મૌન (ક) એક પણ વિકલ્પ સાચો નથી

૫૨ મો. ક. ગાંધીએ .... શબ્દ ૧૯૦૬માં પ્રયોજ્યો.?
(અ) સ્વાતંત્ર્ય (બ) આઝાદી (ડ) સત્યાગ્રહ (ક) સ્વરાજ

૫૩ બંધારણમાં ગાંધીનાં વિચારોને સ્થાન આપવા કયા ગાંધીજનને બંધારણ સભામાં બોલાવવા સુચન કર્યું હતું?
(અ) ઈન્દુલાલ યાજ્ઞિક (બ) રવિશંકર મહારાજ (ડ) અમૃતલાલ ઠક્કર (ક) રાજમોહન ગાંધી

૫૪ ગાંધી કથાના માધ્યમથી ગાંધી વિચારનું પ્રસરણ કોણે કર્યું ?
(અ) નારાયણ દેસાઈ (બ) મહાદેવ દેસાઈ (ડ) ઉછ્રંગરાય દેસાઈ (ક) મોરારજી દેસાઈ

૫૫ સત્યાગ્રહ માટે ગાંધીજી કયા ખેડૂતની વારંવારની વિનંતીને કારણે ગયા હતા?
(અ) રાજકુમાર શુક્લ (બ) રાજેન્દ્ર પ્રસાદ (ડ) બ્રજકિશોર બાબુ (ક) જાનકી પ્રસાદ શર્મા

૫૬ અમદાવાદના મિલ મજૂરોના આંદોલનમાં સગાભાઈ સામે કયા બહેને ગાંધીજી સાથે લડતમાં જોડાયા હતા?
(અ) મૃદુલા સારાભાઈ (બ) અનસૂયા સારાભાઈ (ડ) મલ્લિકા સારાભાઈ (ક) મૃણાલિની સારાભાઈ

૫૭ ચંપારણ સત્યાગ્રહમાં સો વર્ષ જૂનો........... અમાનૂષી કાયદો રદ થયો હતો?
(અ) તીન બીઘા (બ) તીન કઠીયા (ડ) જમીન ખેડ (ક) કર વસૂલી

૫૮ અમદાવાદમાં મજૂર લડત સમયે ગાંધીજીએ ઉપવાસ આંદોલન કેટલા દિવસ કર્યું હતું.
(અ) ૨૧ દિવસ (બ) ૧૧ દિવસ (ડ) ૭ દિવસ (ક) ૩ દિવસ

૫૯ ગાંધીજીએ......... માં મુસાફરી કયારેક કરી નથી
(અ) વિમાન (બ) આગગાડી (ડ) આગબોટ (ક) સાયકલ

૬૦ સર્વોદયનો સિદ્ધાંત ગાંધીજી આ મુજબ સમજતા હતા.
(અ) બધાના ભલામાં આપણું ભલું (બ) વકીલ અને વાળંદ બંનેના કામની એક કિંમત એક સરખી હોવી જોઈએ
(ડ) સારું મજુરીનું, ખેડૂત જીવન જ મારું જીવન છે (ક) તમામ વિકલ્પો સાચા

પ્રશ્ન શ્રૃંખલા-૧ના ઉત્તરો

૧. (ડ), ૨. (અ),
૩. (બ), ૪. (ડ),
૫. (ક), ૬. (અ),
૭. (ડ), ૮. (ડ),
૯. (ક), ૧૦. (ડ),
૧૧. (ક), ૧૨. (અ),
૧૩. (અ), ૧૪. (ક),
૧૫. (ક), ૧૬. (બ),
૧૭. (ક), ૧૮. (૪),
૧૯. (અ), ૨૦. (ક),
૨૧. (ક), ૨૨. (ડ),
૨૩. (બ), ૨૪. (ડ),
૨૫. (અ), ૨૬. (બ),
૨૭. (બ), ૨૮. (ડ),
૨૯. (ક), ૩૦. (૪)

(પ્રશ્ન શ્રૃંખલા-૨ના ઉત્તરો આવતા અંકે...)

બાપુની સ્મૃતિ : ૧૫૦મી ગાંધી જન્મ શતાબ્દીનો શુભારંભ

અભય બંગ તથા તેમના પિતા ઠાકુરદાસ બંગનું નામ જાણીતું છે. અભય બંગનો ઉછેર ગાંધીજીના સેવાગ્રામ આશ્રમમાં થયો હતો. અહીંજ તેમને સામાજિક કાર્યો કરવાના સંસ્કાર નાનપણથીજ મળ્યા હતા. અભય બંગ તથા તેમના પત્ની રાણી માનવ સેવાના કાર્ય માટે સુવિખ્યાત છે. ઠાકુરદાસ બંગ ગાંધીજીના વિચારો અનુસાર દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા અને આકરો જેલવાસ પણ ભોગવ્યો. બીજા વિશ્વયુધ્ધની લગભગ સમાપ્તિનો સમય હતો ત્યારે ઠાકુરદાસ બંગ જેલમાંથી છૂટ્યા. દેશની આઝાદીનો સમય હવે નજીક છે તેમ જણાતું હતું. ઠાકુરદાસ બંગને લાગ્યું કે હવે તેમણે પોતાની અભ્યાસની કારકીર્દિ આગળ વધારવી જોઈએ. અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે બંગ સાહેબે અમેરિકાની ઓહાયો યુનિવર્સિટીમાં પ્રવેશ પણ મેળવ્યો. અમેરિકા જતા પહેલા મહાત્માના આશીર્વાદ લેવા ઠાકુરદાસ બંગ બાપુને મળવા ગયા. ગાંધીજી સેવાગ્રામ આશ્રમમાં હતા. બાપુ એક ચટાઈ પર બેસીને કશુંક લખી રહ્યા હતા. ઠાકુરદાસ બંગ મૌનના આવા માહોલમાં વિવેકથી ગાંધીજીને સંબોધન કરીને બોલ્યા : '' બાપુ, મને જેલમાંથી છોડવામાં આવ્યો છે. હવે હું અર્થશાસ્ત્રના આગળના અભ્યાસ માટે અમેરિકા જઈ રહેલો છું. '' અભય બંગ આ પ્રસંગનું આલેખન કરતા આગળ લખે છે કે પાતળી ફ્રેમના ચશ્માવાળો તથા સફેદ મૂછોવાળો બાપુનો ઘઉંવર્ણો ચહેરો સહેજ ઊંચો થયો. બાપુ ફક્ત એક વાક્ય બોલ્યા : '' તારે અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવો હોય તો અમેરિકા જવાની જરૂર નથી. ભારતના ગામડાઓમાં જા. '' ઠાકુરદાસ બંગ ચૂપચાપ કુટિરમાંથી બહાર નીકળી ગયા. ગાંધીજીના માત્ર એક વાક્યે યુવાન અભ્યાસુના જીવનની આખી દિશાજ બદલી નાખી. આજીવન સામાજિક કાર્યો કરવામાં બંગ સાહેબે પોતાનું જીવતર વ્યતિત કર્યું. ઉપરાંત પોતાના પુત્ર અભય બંગને પણ સામાજિક સેવા કરવાના સંસ્કાર આપ્યા. પોરબંદરના આ પનોતા પુત્રમાં એવું તે કયું જાદુ હતું કે તેમનો એક એક શબ્દ સાંભળનાર હૈયાને આરપાર વિંધી નાખતું હતું ? આ બાબતની સ્પષ્ટતા ગાંધીજીએ એક વખત ડૉ. રામમનોહર લોહિયા સમક્ષ કરી હતી. ગાંધીએ કહેલું કે જેનું આચરણ મેં પોતે ન કર્યું હોય તેવું કરવાનું હું કદી કહેતો નથી. આચરણ ધર્મનો આવો ઊંચો આદર્શ સિધ્ધ થયો હોય તેવા બહુ ઓછા દ્રષ્ટાંતો જગતના ઈતિહાસમાં નોંધાયા હશે. મન — વચન — કર્મનો સંપૂર્ણ સુયોગ મહાત્મા ગાંધીના જીવનમાં સ્પષ્ટ રીતે જોઈ શકાતો હતો. આજ કારણથી દેશમાં બાપુના આગમન પછીનો ચંપારણનો સત્યાગ્રહ ધ્યેય પ્રાપ્તિ સુધી પહોંચી શક્યો હતો. ચંપારણના સત્યાગ્રહની સફળતાથી સમગ્ર દેશના લોકોનું ધ્યાન ગાંધી તરફ ખેંચાયું હતું. હિન્દુસ્તાનમાં આ સત્યાગ્રહ બાદ ગાંધીયુગના મંડાણ થયા હતા. સામાન્ય લોકોના આત્મવિશ્વાસમાં અસાધારણ વધારો થયો હતો. ચંપારણમાં ગળીનો વેપાર કરતાં અને ખેડૂતોનું શોષણ કરતાં વેપારીઓ સામે ન્યાય માટે માથું ઉચકવાની શક્તિ ખેડૂતોને પ્રાપ્ત થઈ હતી. દેશની મુક્તિ માટે અહિંસક રીતે પણ લડાઈ લઈ શકાય છે તે વાત અનેક લોકોના મનમાં સ્પષ્ટ થઈ હતી. ગાંધીજી હવે સમગ્ર લડતના મોભી બન્યા હતા.

ચંપારણ સત્યાગ્રહની ઘટનાને ૧૦૦ વર્ષ પૂરા થયા છે. ચંપારણ (બિહાર)ની કુખ્યાત 'તીન કઠિયા' તરીકે ઓળખાતી પ્રથાની વિગત કોંગ્રેસના લખનૌ અધિવેશનમાં બાપુના ધ્યાનમાં આવી અને શોષણ સામે સંઘર્ષના મંડાણ થયા. ગાંધીજીના ચંપારણ આગમનથી વર્ષોથી દબાયેલા તથા દુભાયેલા કિસાનોમાં એક નવી આશાનો તેમજ નૂતન વિશ્વાસનો સંચાર થયો. ગોરા જમીન માલિકો તેનાથી ચમકી ગયા. ગાંધીજીની તાર્કીક તથા હકીકતબધ્ધ રજૂઆત થકી શ્રમિકોના શોષણની વાત સ્પષ્ટ થતી હતી. સાચી વાત માટે સ્થાનિક તંત્રનો ભય દૂર રાખીને સક્રિય પ્રતિકારનો પાઠ રાજ્યના વિશાળ લોકસમૂહને મળ્યો. બિહાર જાગૃત થયું. સમગ્ર દેશ પણ આ નવી ગતિવિધિથી સચેત થયો. અન્યાયનો અહિંસક પ્રતિકાર થયો. ચંપારણના જંગ થકી સમગ્ર દેશને ગાંધી વિચારનો તથા ગાંધી પ્રભાવના યુગનો તેજસ્વી સૂર્યોદય થતો દેખાયો. સત્યાગ્રહની સાધનશુધ્ધિ તેમજ કોઈના પણ તરફ કડવાશ દેખાડ્યા સિવાય લડાયેલી આ લડતે ગાંધીજીને સમગ્ર દેશના શોષિતોના વહાલેશ્રી તરીકે સ્થાપી દીધા. શસ્ત્રો — દારૂગોળાની સહેજ પણ ખેવના કર્યા સિવાય પ્રેમ તથા અહિંસાના આયુધોથી વિજય મેળવવાના એક નવયુગનો ચંપારણથી આરંભ થયો. ''આમ પણ થઈ શકે'' તેવી વાત અનેક લોકોની સમજમાં ગાંધી વિચાર થકી ઉતરી. હથિયાર ધારણ કર્યા સિવાય પણ વિજય મેળવવાની એક નૂતન પ્રથાનો ઉદય ગાંધી વિચાર થકી જગતમાં ફેલાયો તથા ફેલાતો રહ્યો. કવિ ભૂદરજી લાલજી જોશીએ લખ્યું છે તેમ લાઠીનો માર ઝીલીને તથા રામનામનું રટણ કરીને આવું વિરોચીત કાર્ય ગાંધી સિવાય કોણ કરી શક્યું હોત ?

તોપ તલવાર નહિ, બંદૂક બારૂદ નહિ, હાથ હથિયાર નહિ
ખૂલ્લે શિર ફિરતે, વિકૃત વિજ્ઞાન નહિ, બંબર વિમાન નહિ,
તરકટ તોફાન નહિ, અહિંસા વ્રત વરતે., ટેંકોકા ત્રાસ નહિ
ઝેરી ગિયાસ નહિ, લાઠીકા સહત માર, રામ રામ રટતે
ભૂદર ભનંત બીન શસ્ત્ર, ઈસ જમાનેમેં ગાંધી બીન, બસૂધામેં કૌન વિજય વરતે.

બાપુ ગયા તે વાતને વર્ષોના વહાણા વાઈ ગયા. પરદેશના શાસકો પણ મને કમને વિદાય થયા છતાં આજે પણ આપણે સ્વસાશનમાં સુશાસનનો અનુભવ કેમ નથી કરી શકતા તેની એક ઊંડી તથા વ્યાપક અનુભૂતિ અનેક લોકોને થયા કરે છે. આ બાબતનો એક ઉકેલ મહાત્માના વિચારોના વાસ્તવિક અમલીકરણમાં છે. ગાંધીના જયજયકારમાં ગાંધીને રસ ન હતો. આવો ઠાલો જયજયકાર કરવામાં આપણો પણ કોઈ લાભ નથી. આથી વિશ્વમાનવ ગાંધીની ૧૫૦મી જન્મ શતાબ્દીના પ્રારંભે ફરી આ અદ્વિતીય બાપુના વિચારો તરફ દ્રઢતા તથા નિષ્ઠાથી વળવાની જરૂર લાગે છે. આપણી આજની અનેકવિધ સમસ્યાઓનો ઉકેલ ગાંધી વિચારમાંથી મળી શકે તેમ છે.